દિવ્ય ભાસ્કર, પાના નં. ૦૫, તા. ૨૯.૧૦.૨૦૨૪

ગાંધીનગરમાં યોજાયેલા એક્સ્પોમાં દિલ્હીની મેટ્રોની પ્રતિકૃતિ મુકાઈ

# અર્બન મોબિલિટી એક્સ્પોઃ સિમ્યુલેટરથી ડ્રાઈવરલેસ મેટ્રોની મુસાફરીનો અનુભવ

## દિલ્હીમાં હાલ 100 કિમી રૂટ પર ડ્રાઈવરલેસ મેટ્રો ટ્રેનનું સંચાલન થાય છે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ



મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાયેલા ત્રણ દિવસીય અર્બન મોબિલિટી એક્સ્પોમાં દિલ્હી મેટ્રોની ડ્રાઈવરલેસ મેટ્રો લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. આ એક્સ્પોમાં ડ્રાઈવરલેસ મેટ્રોની પ્રતિકૃતિ જોવાની સાથે લોકો ત્યાં લગાવેલા સિમ્યુલેટરમાં ડ્રાઈવરલેસ મેટ્રોમાં મુસાફરી કરતા હોય તેવો અનુભવ મેળવી શકે છે.

એક્સ્પોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આ ડ્રાઈવરલેસ મેટ્રોનું નિરીક્ષણ કરવાની સાથે તેના વિશે માહિતી મેળવી હતી. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં સંચાલિત મેટ્રો રૂટ પર પણ આવનારા દિવસોમાં ડ્રાઈવરલેસ મેટ્રો દોડશે તેવી શક્યતા છે. દિલ્હી મેટ્રોનું સંચાલન કરતી કંપની ડીએમઆરસીના એડિશનલ જનરલ મેનેજર મોહિન્દર યાદવે જણાવ્યું કે, હાલમાં ભારત સહિત વિશ્વના 7 દેશમાં ડ્રાઈવરલેસ મેટ્રો દોડે છે. એ જ રીતે ભારતના 22 શહેરોમાં મેટ્રો છે, જેમાં સૌથી વધુ દિલ્હીમાં 393 કિલોમીટર રૂટ પર મેટ્રોનું સંચાલન થાય છે, જેમાંથી 100 કિલોમીટર રૂટ પર ડ્રાઈવરલેસ મેટ્રો દોડાવવામાં આવી રહી છે. દિલ્હી મેટ્રોમાં દરરોજ લગભગ 60 લાખ પેસેન્જરો મુસાફરી કરી રહ્યા છે.